પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-10-2024 Evening : 7.10 to 7.20

Day : Tuesday Regional News

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારત થકી વિકસિત ભારતની નેમને દોહરાવી- દેશભરમાં 51 હજારથી વધુ યુવાનોને નિયુક્ત પત્ર એનાયત, અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં પણ યોજાયા રોજગાર મેળા..
- રાજ્યની ચાર મહાનગરપાલિકા અને વિવિધ વિકાસકામો માટે 1600 કરોડથી વધુ રકમ ફાળવવા રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજૂરી..
- લોહપુરુષ સરદાર પટેલની જન્મજયંતિ પૂર્વે રાજ્યભરમાં એકતા દોડનું આયોજન- મુખ્યમંત્રી અમદાવાદમાં એકતા દોડમાં જોડાયા.
- સોમનાથ જવા ઇચ્છતા શ્રદ્ધાળુઓ માટે અમદાવાદથી કેશોદ વચ્ચેની વિમાની સેવાનો આજથી પ્રારંભ.
- ધનતેરસ નિમિત્તે આજે રાજ્યભરમાં ધન્વંતરી યજ્ઞ અને પૂજા અર્ચનાનું આયોજન..

---

ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સરકારે આત્મનિર્ભર ભારત પર નોંધપાત્ર કામગીરી કરી છે અને અવકાશથી માંડીને ઇલેક્ટ્રિક વ્હિકલ સુધીની નવી ટેકનોલોજી સહિતનાં તમામ ક્ષેત્રોમાં મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપ્યું છે.

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનાં વિતરણ દરમિયાન આ પ્રમાણે જણાવ્યું હતું. વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકાર દેશનાં યુવાનોને મહત્તમ રોજગારી પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે.

અમદાવાદમાં યોજાયેલા રોજગાર મેળામાં સાંસદ સભ્ય હસમુખ પટેલના હસ્તે આવકવેરા, ટપાલ વિભાગ અને રેલવેના 78 ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કર્યા.

રાજકોટમાં સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન ખાતે યોજાયેલ રોજગાર મેળામાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટિલના હસ્તે સૌરાષ્ટ્રના કુલ 85 ઉમેદવારોને નોકરીના નિમણૂક પત્રો એનાયત કરાયા હતા. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સરકારી નોકરીઓ હવે પારદર્શક રીતે મળી રહી છે.

તો વડોદરામાં કેન્દ્રીય મંત્રી નિમુબહેન બાંભણીયાની ઉપસ્થિતીમાં આયોજીત રોજગાર મેળામાં 154 નવી ભરતીઓના નિમણૂંક પત્રો એનાયત કરાયા. આ ભરતીઓ પોસ્ટ વિભાગ, રેલવે, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળો તેમજ એરપોર્ટ ઑથોરિટી સાથે જોડાયેલ છે.

## CM URBAN DEVELOPMENT ANNOUNCEMENT

રાજ્ય સરકારે 4 મહાનગર પાલિકાઓ અને 4 નગરપાલિકાઓ માટે દિવાળીની ભેટ તરીકે કુલ 502 કામો માટે અંદાજે 1664 કરોડ રૂપિયાના ભંડોળને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કરાયેલી આ ફાળવળીમાં સુરતમાં 6 ફ્લાય ઓવર માટે રૂપિયા 360 કરોડ રૂપિયા, અમદાવાદના બાહ્ય વિસ્તારોના 46 વિકાસ કામો માટે 313 કરોડ રૂપિયા, વડોદરાના બાહ્ય વિસ્તારોના 50 વિકાસકામો માટે 68 કરોડ રૂપિયા, આંતર માળખાકીય વિકાસના 378 કામો માટે 755 કરોડ રૂપિયા, તેમજ ગાંધીનગર આંતરમાળખાકીય વિકાસના 22 કામો માટે 144 કરોડ રૂપિયાના ભંડોળની ફાળવણી કરી છે.

આ બહુહેતુક યોજનામાંથી નગરો- મહાનગરો ટ્રાફિક ભારણ સરળ કરવા, ફ્લાયઓવર બ્રિજ નિર્માણ, અર્બન મોબિલિટી, તેમજ રોડ રસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા, સ્ટ્રીટ લાઇટ જેવા સામાજિક અને ભૌતિક માળખાકીય વિકાસના કામો માટે નાણ ફાળવણી કરવામાં આવી છે.

RUN FOR UNITY- CM+ OVERALL

કેન્દ્ર સરકારે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. આ પ્રસંગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજથી 'રન ફોર યુનિટી'નો પ્રારંભ થયો છે. અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી.. આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરદાર પટેલના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સ્વપ્નને સાકાર કર્યું.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એકતા દોડનું આયોજન કરાયું હતું. પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગોધરા ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો. અમારા પ્રતિનિધિ પ્રેમ કડિયા જણાવે છે કે રાજ્ય સભા સાંસદ જસવંતસિંહ પરમાર અને જિલ્લા કલેક્ટર આશિક કુમારે ફ્લેગ ઓફ આપી દોડને પ્રસ્થાન કરાવ્યું હતું.

પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન દ્વારા એકતા દૌડનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સરકારી અધિકારીઓ, રેલવે કર્ચારીઓ તેમજ સ્કાઉટ્સ અને ગાઇડ્સના સભ્યોએ ભાગ લીધો હતો.

મોરબીમાં ધારાસભ્ય દુર્લભ દેથરિયા, જિલ્લા કલેક્ટર બી. કે ઝવેરીએ એકતા દૌડને લીલીઝંડી આપી હતી. મોરબી શહેરના નવા બસ સ્ટેન્ડ ખાતે સરદાર પટેલની પ્રતિમાથી દૌડની શરૂઆત થઈ હતી.

તો મહેસાણામાં સાંસદ હરિભાઈ પટેલ સહિતના આગેવાનોએ ફ્લેગ ઑફ કરાવી દૌડનો પ્રારંભ કરાવ્યો હતો.

વલસાડના ધારાસભ્ય ભરત પટેલ, કલેક્ટર નૈમેષ દવે સહિતના અગેવાનોએ એકતા દોડનો પ્રારંભ કરાવ્યો. જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીથી કલેક્ટર કચેરી - સર્કિટ હાઉસ – સરકારી વસાહત 3, તીથલ રોડથી ફરી જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી સુધી દોડનું યોજાઇ..

અમરેલી જિલ્લામાં ધારાસભ્ય કૌશિક વેકરિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં એકતા દોડ યોજાઇ.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં RPP ગર્લ્સ હાઇસ્કૂલથી જવાહર પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધીની એકતા દોડનું આયોજન કરાયું હતું.

તો પાટણમાં રાષ્ટ્રીય એકતા દિવસ પ્રસંગે વિવિધ સ્થળોએ એકતા દોડનું આયોજન કરાયું હતું.

PM IN GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. પ્રધાનમંત્રી આવતીકાલે સાંજે એકતાનગર કેવડિયામાં 280 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. જે બાદ તેઓ આરંભ છઠ્ઠી આવૃત્તિમાં 99માં કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓને સંબોધિત કરશે.

31 ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે તેઓ સવારે ‘સ્ટેચ્યૂ ઑફ યુનિટી’ ખાતે પુષ્પાજંલિ અર્પણ કરશે. ત્યાં તેઓ ઉપસ્થિત લોકોને એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવશે, અને એકતા દિવસ પરેડની સલામી ઝીલશે. આ પરેડમાં 9 રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશની પોલીસ, 4 કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, NCC અને માર્ચિંગ બેન્ડની 16 ટુકડીઓ ભાગ લેશે.

NUTAN VARSH- CM PROGRAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભ દિવસે તારીખ ૨ નવેમ્બર, શનિવારે સવારે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે. ત્યારબાદ અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શન-પૂજા માટે જશે.

ત્યારબાદ નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮ થી ૮:૪૫ સુધી નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન

અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે. ત્યારબાદ સવારે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષ શુભેચ્છાઓ પાઠવશે.

અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જવાના છે. શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ અધિકારીઓની મેંસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવશે.

AHMEDABAD TO KESHOD FLIGHT

સોમનાથ અને સાસણગીર જવા ઇચ્છતા પ્રવાસીઓની સુવિધા માટે આજથી અમદાવાદ અને કેસોદ વચ્ચે વિમાન સેવાનો શુંભારંભ થયો છે. વિમાન મુસાફરી કરીને કેશોદ પહોંચનારા શ્રદ્ધાળુઓને સોમનાથ ટ્રસ્ટ દ્વારા કેશોદથી સોમનાથ મંદિર સુધીની નિશુલ્ક બસ સેવાનો લાભ પણ મળશે. સપ્તાહમાં ત્રણ દિવસ એટલે કે મંગળવાર, ગુરુવાર તેમજ શનિવાર માટે વિમાનની ટિકિટ બૂક કરી શકાશે. અમદાવાદથી સવારે 10 વાગીને 10 મિનિટે આ ફ્લાઇટ ટેક ઑફ કરશે, અને 10.55 વાગ્યે કેશોદ પહોંચશે. કેશોદથી બપોરે સવા એકે ટેક ઑફ કરીને અઢી વાગે અમદાવાદ પરત ફરશે.

KESOD DIV FLIGHT

તો કેશોદથી દીવની વિમાન સેવાનો પણ આજે ધનતેરસ પ્રસંગે પ્રારંભ થયો છે. કેશોદથી દીવ સુધીની આ 15 મિનિટની ફ્લાઇટ માટે મુસાફરોએ એક તરફના 1650 રૂપિયા જ્યારે બંને તરફના 3200 રૂપિયા ચૂકવવાના રહેશે. આ વિમાન સેવા શરૂ થતા કેશોદથી દીવ વચ્ચેનું ચાર પાંચ કલાકનું અંતર 15 મિનિટમાં કાપી શકાશે.

DHANTERAS

રાજ્યભરમાં આજે ધનતેરસ અને ધન્વંતરી તેરસની ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે ધન્વંતરી ભગવાનની મહાપુજા, અભિષેક, મહાઆરતી, અમૃત કળશકુંભ સ્થાપના, પાટોત્સવ વિષ્ણુયજ્ઞ અને લક્ષ્મીપૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

૯મા આયુર્વેદ દિનની ઉજવણી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિવિધ રાજ્યોમાં હેલ્થ સેકટરને વધુ સુદઢ અને સશક્ત બનાવવા માટે ૧૨ હજાર ૮૫૦ કરોડના આરોગ્યલક્ષી વિવિધ પ્રોજેક્ટની દિવાળી ભેટ દેશવાસીઓને આપી હતી. જે અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ચલા સ્થિત મેરિલ કંપનીના મેડિકલ ડિવાઈસના નવા મેન્યુફેક્ચર પ્લાન્ટનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી તથા  ઊર્જામંત્રી કનુ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. વાપીની મેરિલ કંપનીમાં નવા પ્લાન્ટથી વધુ 5 હજાર લોકોને રોજગાર મળશે..

પ્રદેશ ભાજપ દ્વારા આજે રાજ્યના નાગરિકોના દીર્ઘાયુ માટે ડોક્ટર સેલ દવારા વિશ્વ આયુર્વેદ દિવસ તેમજ ધન્વંતરી જયંતી નિમિત્તે ભગવાનશ્રી ધન્વંતરીનાં પુજન અને અર્ચનનો કાર્યક્રમ ૪૧ જીલ્લા, મહાનગરોમાં યોજાયા.